

## હા... સાહેબ !



"ખરી દશા બેઠી છે આપણી હોં..!!"

"શું થયુ ? શાની દશાની વાત કરો છો, કઈ દશાની વાત કરો છો ?"

"અરે, જુઓને સાહેબ, એક પછી એક આંદોલનોએ આપણાં વિકાસની દશા બેસાડી દીધી છે. છેલ્લા બે વર્ષથી તો આંદોલનો બંધ થવાનું નામ નથી લેતા.' 'પાટીદાર'નું હોય કે 'પદ્માવત'નું હોય."

"હા... એકદમ સાચુ. આ પદ્માવત ફિલ્મનુ તો બહુ ચાલ્યુ ભાઈ."

"તે ચાલે જ ને. કોઈ સમાજના ઈતિહાસ સાથે ચેંડા કેવી રીતે ચલાવી લેવાય ? સમાજના ગૌરવ અને ગરિમા સમાન પાત્રોને વિવાદાસ્પદ રીતે રજૂ કરાય ત્યારે કોઈપણ ઉશ્કેરાય. સ્વાભાવિક જ છે ને..!!"

"હા... સ્વાભાવિક જ છે પણ એની રીતભાત તો હોવી જોઈએ ને સાહેબ..! ચક્કાજામ કરવાથી સંજય લીલા ભણસાલીને કે એના ચાહકોને કોઈ ફેર નથી પડવાનો. હેરાન તો પ્રજા થાય છે. વહીવટીતંત્ર થાય છે. વ્યાપાર-ધંધાને અસર થાય છે અને રાષ્ટ્રીય સંપત્તિને નુકશાન થાય છે."

"એ બધી વાત સાચી પણ સરકાર સીધી રીતે માનવા ટેવાઈ જ નથી, એટલે તો આ ત્રાગા અને તોફાનો કરવા પડે છે. બાકી તો કોઈને હેરાન કરવાનુ કોઈનેય શુ કરવા ગમે..?"

"વાત મુદ્દાની છે. તોફાન કરો તો જ સરકાર સાંભળે એ માનસિકતા બદલાતી જ નથી. એ લોકશાહીનુ કરૂણ પ્રકરણ છે. પણ એ બદલવુ જોઈએ."

"ખાટલે ખોડ જ આ છે ને. સાનમાં સમજે એવી સરકાર જ ક્યાં છે ?"

"રાજકારણમાં પણ આક્રમકતાનો મહિમા છે. સમાચારોમાં પણ તોફાનોનો મહિમા છે. સામાજિક વ્યવસ્થામાં પણ અવળ ચંડાઈને પ્રાધાન્ય છે એટલે પુનઃ નવેસરથી વિચારવુ જોઈએ તો ચક્કાજામ અને બંધને ટાળી શકાય."

"વિકાસ...વિકાસ...વિકાસની વાતો કરીએ છીએ ત્યારે સંવેદનશીલ મુદ્દાઓને અવગણવાની ટેવ ભુલવી જોઈએ. વિકાસનો અડધો માર્ગ આંદોલનોથી અવરોધાય છે."

"મારા દિલની વાત કરી તમે..!!"

"સાહેબ મારા કે તમારા દિલની વાત નથી, કરોડો-કરોડો ભારતીયોના દિલની વાત છે આ."

"... અને હવે વિરોધ પણ સકારાત્મક કરવો છે. તમારા મુદ્દાની તરફેણમાં લોકમત કેળવવો જોઈએ. ચક્કાજામ કે બંધના બદલે 'પદ્માવત' ફિલ્મ કોઈ જોવા જ ન જાય એવો માહોલ નિર્માણ કરવો જોઈએ અને જે જાય તેને ગુલાબનુ ફૂલ આપીને સમજાવવા જોઈએ કે અહીં અમારા ઈતિહાસ સાથે ચેંડા થાય છે, અમારી અસ્મિતા સામે પ્રશ્નાર્થ ઉભા થાય છે."

"હમમ્... એટલે ગાંધીગીરી જ ને..?"

"ગાંધીગીરી જ સકારાત્મક વિરોધનો સાચો અને સારો માર્ગ છે."

- નિમિત્ત માત્ર

# આજે ધારાસભ્યોનો શપથવિધિ યોજાશે

**સાબરમતી હોલ વિધાનસભા ગૃહમાં પરિવર્તીત કરાયો : પહેલાં પ્રોટોમ સ્પીકરની શપથવિધિ બાદ સભ્યોની શપથવિધિ**

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યની નવી રચાયેલ ૧૪મી વિધાનસભાના ધારાસભ્યોની શપથવિધિ સ્વર્ણિમ સંકુલ-૧ના સાબરમતી હોલમાં ખાસ ઉભા કરાયેલ વિધાનસભા ગૃહમાં થશે.

વિધાનસભાના પ્રોટોમ સ્પીકર ડૉ. નીમાબેન આચાર્યને પહેલાં તેમના શપથ રાજ્યના રાજ્યપાલ લેવડાવશે. આ પછી પ્રોટોમ સ્પીકર સ્વર્ણિમ સંકુલ-૧ના સાબરમતી હોલમાં ખાસ ઉભી કરાયેલ વિધાનસભા ગૃહ આવી અને ધારાસભ્યોને શપથ લેવડાવશે.

ગાંધીનગર શહેરમાં જ ચતુર્થ વિધાનસભા સંકુલ તરીકે સ્થાન પામેલ સાબરમતી હોલમાં ધારાસભ્ય તરીકે પ્રથમ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ, વિપક્ષના નેતા, રાજ્યમંત્રી મંડળના સભ્યો બાદ ધારાસભ્યોને ક્રમાનુસાર શપથ લેવડાવવામાં આવશે.

સાંજ સુધી આ શપથવિધિ ચાલશે. જેટલા સભ્યોની શપથવિધિ થશે તે સિવાયના બાકીના સભ્યોની શપથવિધિ ૧૯મી ફેબ્રુઆરીએ મળનારા વિધાનસા સત્રના પ્રથમ દિવસે થશે.

વિધાનસભા સચિવાલય દ્વારા નવા ચૂંટાયેલા સભ્યોની શપથવિધિને લઈ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. એક સભ્યને શપથવિધિ માટે વધુમાં વધુ ચારથી પાંચ મિનિટ થશે તેમ મનાઈ રહ્યું છે.

આજની શપથવિધિ એ વિધાનસભાના સત્રનો ભાગ ગણાતો નથી એવી પરંપરા રહી છે. શપથવિધિને લઈ સ્વર્ણિમ સંકુલને પણ સજાવવામાં આવશે.

## ગાંધીનગર-ઉત્તર ગુજરાત વચ્ચે ત્રણ દિવસથી એસટી વ્યવહાર ખોરવાયો

**આજે પણ વસંત પંચમીના દિવસે બસ સેવા બંધ રહેતા મુસાફરો અટવાયા**

ગાંધીનગર તા ૨૨

પદમાવતી ફિલ્મના વિરોધના લીધે રાજયમાં એસ ટી બસોને આગ લગાડી નુકશાન કરવામાં આવતા એસ ટી નિગમને પણ લાખોનુ નુકશાન થયુ છે. રાજયમાં અત્યાર સુધી અંદાજિત૧૦ જેટલી એસ ટી બસોને સળગાવી દેવામાં આવતા મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. એસ ટી નિગમ દ્વારા તાત્કાલિક ધોરણે ઉત્તર ગુજરાતના રૂટમાં દોડતી એસ ટી બસો પણ બંધ કરી દેવામાં આવી છે. જેના લીધે એસ ટી એ આર્થિક ફટકો સહન કરવાની સાથે મુસાફરોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જયારે ગાંધીનગર ડેપોમાંથી પણ ઉત્તર ગુજરાતના રૂટમાં છેલ્લા બે દિવસથી એક પણ એસ ટી બસ આગળ વધી નથી. આજે વસંત પંચમીના દિવસે પણ શુભ મુહર્તમાં જરૂરી કામકાજ અને પ્રસંગે નિકળેલા મુસાફરોએ હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો હતો.

પદમાવતી ફિલ્મના રીલીઝને અનુલક્ષી સમગ્ર રાજયમાં વિરોધનો વંટોળ ઉભો થઈ રહયો છે. જયારે વિરોધના પગલે બસને આગ ચાંપવાના બનાવો સામે આવી રહયા છે. બસને આગ લગાડવા ઉપરાંત તોફાની ટોળા દ્વારા બસને નુકશાન પહોંચાડવા માટે તોડફોડ કરવામાં આવી રહી હોવાના કીસ્સાઓ પણ ધ્યાને આવી રહયા છે. બીજીતરફ છેલ્લા ત્રણ દિવસથી ઉત્તર ગુજરાત તરફની બસોનો રૂટ પણ વિશેષ રીતે

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના ધારાસભ્યો માટે ત્રિદિવસીય અભ્યાસ વર્ગ ફેબ્રુઆરીમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

કોંગ્રેસ પક્ષ દ્વારા તેના ચૂંટાઈ આવેલા સભ્યો માટે ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં ત્રિદિવસીય અભ્યાસ વર્ગનું આયોજન કરશે.

કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઘણા બધા સભ્યો પ્રથમવાર ગૃહમાં ચૂંટાઈને આવ્યા હોવાથી તેમને સંસદીય કાર્યપ્રણાલિ, રજુઆતની પદ્ધતિ સહિતની બાબતોને લઈ આ અભ્યાસ વર્ગમાં શિક્ષિત કરવામાં આવશે જેથી લોકોનો અવાજ વધુ બુલંદ રીતે રજુ થઈ શકે.

૧૯૭૫ પછી પ્રથમવાર સત્તાધારી પક્ષ અને વિપક્ષ અન્ને સંખ્યા ૧૦૦થી નીચે છે તેમજ બહુમતિ સરકાર પાસે જ છે ત્યારે પ્રજાના પ્રશ્નો વધુ અસરકારક રીતે કેવી રીતે રજુ કરી શકાય, ખાનગી વિધેયકો લાવવાની પદ્ધતિ, બિલો પરની ચર્ચામાં ભાગ લેવા અને સરકારને ભીંસમાં લેવાની વિવિધ પદ્ધતિઓની જાણકારી સભ્યોને આપી તાલિમ બદ્ધ કરવામાં કોંગ્રેસ કોઈ કચાશ રાખશે નહિ.

વિધાનસભાના પ્રથમ સત્રથી જ સભ્યો દ્વારા અસરકારક રજુઆતો કરી શકે એટલુ જ નહિ પણ સંસદીય પરંપરાનું પણ ધ્યાન રાખવાની વિશે સમજ આપવા ઉપરાંત ઘણી બધી બાબતો માટે કેન્દ્ર અને રાજ્યોના સફળ વિધાયકોને ખાસ આમંત્રિત તરીકે સંબોધન કરવા માટે બોલાવવામાં આવશે.

## પરેશ ધાનાણીએ વિપક્ષના નેતાનો હવાલો સંભાળ્યો

**ધાનાણીએ મોં મીઠું કરાવ્યું : ધારાસભ્યો સાથે બેઠક યોજી**
**કોંગ્રેસના સ્થાનિક નેતાઓ-કાર્યકરોની ધાનાણીને શુભેચ્છા**



અમદાવાદ,તા. ૨૨

કોંગ્રેસપક્ષના યુવા નેતા પરેશ ધાનાણીએ આખરે આજે વિધિવત્ રીતે પોતાનો વિધાનસભાના વિરોધપક્ષના નેતા તરીકે સત્તાવાર ચાર્જ સંભાળી લીધો હતો. નવો ચાર્જ સંભાળતાં જ ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓથી લઈ કાર્યકરોની ધાનાણી પર શુભેચ્છા વર્ષા થઈ હતી. ગાંધીનગર સચિવાલય ખાતે આજે પોતાનો ચાર્જ સંભાળ્યા બાદ પરેશ ધાનાણીએ કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યોની એક મહત્વની બેઠક યોજી હતી, જેમાં વિધાનસભામાં ખેડૂતો, યુવાઓ, મહિલા સુરક્ષા સહિતના પ્રશ્નોને લઈ ભાજપ સરકારને કેવી રીતે ઘેરવી તેની રણનીતિ તૈયાર કરવાની તજવીજ હાથ ધરી હતી. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસના ઉત્કૃષ્ટ અને આક્રમક દેખાવ બાદ વિધાનસભામાં સરકારની સામે રજૂઆત કરવામાં અને લડત આપવામાં મજબૂત નેતાને જવાબદારી સોંપવાનું કામ કોંગ્રેસ માટે ઘણું કપરું હતું. જો કે, આંતરિક વિવાદ અને બળાપા વચ્ચે પણ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ તેમના માનીતા અમરેલી યુવા ધારાસભ્ય પરેશ ધાનાણી પર પસંદગી ઉતારી હતી અને તેમની

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૨માં છ-કક્ષાના આવાસના બાથરૂમની છતમાં ગાબડુ પડ્યું

**શહેરમાં સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક કર્મચારીઓના માથે જળુંબતો મોતનો ખતરો**

ગાંધીનગર તા ૨૨

સે-૨૨ માં સ્થિત છ કક્ષાના આવાસમાં બાથરૂમની છતમાં મોટુ ગાબડુ પડતા માર્ગ મકાન



વિભાગના એક કર્મચારીને જ ઈજા થવા પામી હતી. છતમાંથી મોટુ પોપડુ ખરતા તેમને હાથના ભાગે લાહીયાળ ઈજા થઈ હતી. શેહરમાં સ્થિત સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સરકારી આવાસોની દશા સુધારવા માટે તંત્રએ સર્વે હાથ ધરી અગ્રતાના ધોરણે આવાસોના મજબુતીકરણનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે.

ગાંધીનગરમાં સરકારી આવાસોની હાલત રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાથી મકાનોનો સર્વે હાથ ધરી તબક્કાવાર તોડવાનુ કામ પણ હાથ ધરવામાં આવી રહયુ છે. જયારે અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા હતા. જેના સ્થાને હાલ નવા મકાનો પણ તૈયાર થઈ રહયા છે. પરંતુ હાલ સરકારી આવાસોમાં વસવાટ કરતા રહીશોના માથે મોતનો ખતરો જળુંબી રહયો હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં ગમે

# મનપાનું ડ્રાફટ બજેટ ૩૦મીએ રજુ કરાશે

**કમિશ્નર ડ્રાફ્ટ બજેટમાં કરભારણ વિના આવકના સ્ત્રોતોમાંથી વધુ આવક મેળવવા અને મિલ્કતોના રિસર્વે માટે નક્કર આયોજન સાથે સેવાઓના સઘનીકરણની વાત કરે તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૧૮-૧૯નું ડ્રાફટ બજેટ મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી સ્થાયી સમિતિ સમક્ષ ૩૦મી જાન્યુઆરીએ રજુ કરશે.

ગાંધીનગર મનપાના આ ડ્રાફ્ટ બજેટનું કદ આ વખતે વધશે અને આવકના નવા સાધનો ઉભા કરવા પર ભાર મુકવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે મનપા તેની સેવાઓના સઘનીકરણની સાથે સાથે પગાર ખર્ચમાં થનારા વધારાને પહોંચી વળવા માટે નવા આવકના સ્ત્રોતો પર ભાર મુકશે.

આ બજેટમાં મિલ્કતોના રિસર્વે માટેની કોઈ ઠોસ યોજના પણ કમિશ્નર દ્વારા રજુ કરવામાં આવશે. નવા વેરાના ભારણ કરતાં હાલના સ્ત્રોતો જે છે તેમાંથી કઈ રીતે આવક વધુ મેળવી શકાય તેના પર વિશેષ લક્ષ કમિશ્નર દ્વારા આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગરમાં નવા વ્યવસાયકારોને શોધી વ્યવસાયવેરાની આવકમાં વૃદ્ધિ મેળવવાનો પણ નક્કર પ્રયાસ કરવામાં આવશે. આ ઉપરાંત મનોરંજન કરની આવકમાં પણ વૃદ્ધિ થાય તેના પર ભાર મુકવામાં આવશે.

૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ જે પરફોમન્સ ગ્રાન્ટ ગત વર્ષે પણ મળી ન હતી અને આ વર્ષે કેન્દ્ર સરકારે

● અનુસંધાન પાન-૭ પર

## સરકાર ખેડૂતોના હિતમાં નર્મદામાં ત્રણ હજાર ક્યુસક પાણી છોડાશે

ગાંધીનગર,તા. ૨૨

નર્મદા નદીમાં પાણીનું સ્તર વધે તે માટે રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલ અને ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પાણી છોડવાની રજૂઆત કર્યા બાદ તંત્ર જાગ્યું છે. બપોરે ૧૨ વાગે કરજણ ડેમમાંથી ત્રણ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવશે.

નર્મદા નદીમાં પાણીનું સ્ટોરેજ ઓછું હોવાથી નદીમાં પાણી છોડવામાં નથી આવતુ. પણ પાણી છોડવાની ઉગ્ર બનતા માંગને પગલે આજે કરજણ ડેમમાંથી પાણી છોડવામાં આવતા નર્મદા નદીનું જળસ્તર વધશે. ૨૬ જાન્યુઆરી સુધી પાણી છોડવામાં આવશે.

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :

ડૉ. ચેતના અ. બુચ
પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,
સેકટર-૨૦, ગાંધીનગર
મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮

શ્રી હરેશ કે. ઠાકર
પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,
જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,
ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯

મનોજ શુકલ
મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯

રમેશ પટેલ
પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

## રાજ્યમાં નલિયા ઠંડુગાર

**તીવ્ર ઠંડીનો અનુભવ : આગામી બે ત્રણ દિવસ રાત્રિ તાપમાન યથાવત જ રહેશે**

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતભરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિના કારણે લોકો પરેશાન થયેલા છે. કેટલાક દિવસ સુધી તાપમાનમાં ઘટાડો તો કેટલાક દિવસ સુધી તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આ પ્રકારની સ્થિતિના કારણેબાળકો અને મોટી વયના લોકોને મુશ્કેલી પડી રહી છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન હજુ ઘટી શકે છે.

આગામી બે ત્રણ દિવસ દરમિયાન રાત્રિ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થનાર નથી પરંતુ ત્યારબાદ ૨-૩ ડિગ્રી સુધી રાત્રિ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. નલિયામાં આજે પણ તીવ્ર ઠંડીની અસર જોવા મળી હતી. જો કે, ગઈકાલની સરખામણીમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો.

હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેકટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com